RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૦૧ તા.૨૧–૩–૧૬
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની આઈડી નં.૧૦૦૭ (વેસ્ટઝોન) તા.૬–૨–૧૬ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.દ્વારા છેલ્લા ૧૨ માસમાં બહાર પાડવામાં આવેલ હુકમ, નોંધ, મેમો, પરીપત્રો, વટહુકમ, સરકયુલરની તમામ નકલ આપવી વિ. બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૨૧–૩–૧૬ની SMC/FAP/RTI CELL/નં.૦૧/૧૫–૧૬

શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળાની આઈડી નં.૧૦૦૭ તા.૬–૨–૧૬ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.પા.ના કમિશ્નર દ્વારા છેલ્લા ૧૨ માસમાં બહાર પાડવામાં આવેલ હુકમ, નોંધ, મેમો, પરીપત્રો, વટહુકમ, સરકયુલરની તમામ નકલ આપવી વિ. મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા અંગે અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૩ અને ૫ બાબતે પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલના પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૧ તા.૧૬–૨–૧૬ તથા પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૨ તા.૧૭–૨–૧૬થી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૩–૧૬ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા** પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૬ તા. ૩૧–૩–૧૬ થી જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ માંગેલ માહિતી પૈકી કઈ માહિતી અંગે શું નારાજગી છે તે આધાર પુરાવા સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. અને અરજદારને વોટસઅપ દ્વારા પણ તા.૧–૪–૧૬ ના રોજ જાણ કરવામાં આવેલ. જેના અનુસંધાને પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૭ તા.૫–૪–૧૬ના પત્રથી પૂરક વિગતોમાં અરજદારની મૂળ અરજીની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ/૧૮૧૩ તા.૧૦–૨–૧૬થી આરટીઆઈ સેલને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૧ તા.૧૬–૨–૧૬થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–મધ્યસ્થ મહેકમ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી–ડ્રેનેજ વિભાગ, પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી–સેન્ટ્રલઝોન, વરાછાઝોન, લિંબાયતઝોન, કતારગામઝોન, રાંદેરઝોન, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી–સ્લમ અપગ્રેડેશન સેલ, તથા ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી–હાઈડ્રોલીક વિભાગને મુદ્દા નં.૫ ની આંશિક તબદીલી અંગેનો પત્ર, જાહેર માહિતી અધિકારીનો અરજદારને નાંણા ભરવા પાઠવેલ પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૨ તા.૧૭–૨–૧૬ની નકલ, અરજદારે વેસ્ટઝોનમાં રસીદ નં. ૧૯૦ તા.૨૧–૩–૧૬થી રૂા.૯૮/– ભરપાઈ કર્યા અંગે રાંદેરઝોનનો પત્ર નં. આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/નં.૨૦૬૨ તા.૨૨–૩–૧૬ની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પુરી પાડતો પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૮ તા.૨૩–૩–૧૬ની નકલ અત્રે મળેલ છે તેમજ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૬–૨–૧૬ ની અરજીથી સુ.મ.પા.ના કમિશ્નર દ્વારા છેલ્લા ૧૨ માસમાં બહાર પાડવામાં આવેલ હુકમ, નોંધ,મેમો, પરિપત્રો, વટહુકમ, સરકયુલર વિ. ની નકલ આપવા બાબતેની મુદ્દા નં. ૧ થી ૬ ની માહિતી માંગતી અરજી મ્યુ.કમિશ્નરશ્રીને સંબોધતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી

પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/૧૮૧૩ તા.૧૦–૨–૧૬ થી નિયત સમયમર્યાદામાં મુદ્દા નં.૧ માટે મધ્યસ્થ કચેરી, મુદ્દા નં. ૨,૪,૬ માટે ઈન્કવાયરી વિભાગ, મુદ્દા નં.૩,૫ માટે આરટીઆઈ સેલ તથા મુદ્દા નં.૬ માટે વીજીલન્સ વિભાગને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક –આરટીઆઈ સેલ તરફથી મુદ્દા નં.૫ઃ આરટીઆઈ એકટ હેઠળ પેનલ્ટી થયેલ અધિકારી વિરુદ્ધ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગત બાબતે જાહેર માહિતી અધિકારી દ્વારા આંશિક તબદીલી પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૧ તા.૧૬–૨–૧૬ થી નીચે જણાવેલ લાગત જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરવામાં આવેલ છે.

(૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ મહેકમ)
(૨) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ડ્રેનેજ વિભાગ)
(૩) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(રાંદેરઝોન, લીંબાયતઝોન, કતારગામઝોન, સેન્ટ્રલઝોન, વરાછાઝોન)
(૪) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(સ્લમ અપગ્રેડેશન સેલ)
(૫) ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક વિભાગ)

તથા આંશિક અત્રેના ખાતાને લાગત મુદ્દા માટે સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારીઓ દ્વારા ભરપાઈ કરવામાં આવેલ પેનલ્ટીની સરકારી કચેરીમાં ભરપાઈ કરેલ ચલણની નકલના ૧૩ પાનાના રૂા.૨૬/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે એવું પત્ર નં. આરટીઆઈ સેલ/૩૮૨ તા.૧૭–૨–૧૬ થી જણાવવામાં આવેલ.

ઉપરાંત **મુદ્દા નં.૩ઃ સુરત મહાનગરપાલિકાના ઉપલબ્ધ રેકર્ડ પર આરટીઆઈ એકટ હેઠળ પેનલ્ટી કરવામાં આવેલ અધિકારીના નામ અને હોદ્દો સહિતની વિગત(૨૦૦૫ થી આજદિન સુધીના) બાબતે** આરટીઆઈ સેલ ખાતેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૨૦૦૫થી અરજદારની અરજીની તારીખ સુધીના સુરત મહાનગરપાલિકાના જાહેર માહિતી અધિકારીઓને ગુજરાત માહિતી આયોગ દ્વારા કરવામાં આવેલ પેનલ્ટી અંગેના હુકમોના ૩૬ પાનાના રૂા.૨/– લેખે **૭૨/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે એવું પત્ર નં.આરટીઆઈ સેલ/૩૮૨ તા.**૧૭–૨–૧૬ થી જણાવવામાં આવેલ છે.

આ બાબતે અરજદાર તરફથી મુદ્દા નં.૩ અને ૫ (આંશિક) માટે અત્રેથી જણાવ્યા મુજબ રૂા.૯૮/– રાંદેરઝોન ખાતે તા.૨૧–૩–૧૬ ના રોજ ભરપાઈ કરતા અરજદારને પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૮ તા.૨૩–૩–૧૬ થી નિયત સમયમર્યાદામાં ઉપલબ્ધ પૂરેપૂરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. અત્રે એ પણ સુચક છે કે અરજદારે નમૂના–ખ માં નિર્દિષ્ટ વિગતે તેઓ તરફથી નાંણા ભરપાઈ કરી તુરત જ સુચિત કરવાનું રહે છે પરંતુ તેઓએ અપીલની તારીખ સુધીમાં આવી કોઈ સુચના પાઠવેલ નથી. તેમ છતાં નાંણા સ્વીકારતી ઝોન કચેરીના સંદર્ભના આધારે કાયદાની ભાવનાને મૂર્તિમંત કરવા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પાલન કરવામાં આવેલ છે.

જેના અનુસંધાને અરજદારે અપીલમાં મુદ્દા નં.૧ નો જવાબ/પૂર્તતા કરવામાં આવેલ નથી. મુદ્દા નં.૨ ની પૂર્તતા/જવાબ આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૩ માત્રને માત્ર વરાછાઝોન દ્વારા નામ અને હોદ્દાની વિગત આપવામાં આવેલ છે બાકી તમામ જેને દંડ કરવામાં આવેલ છે તેની વિગત આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૪ નો જવાબ પૂર્તતા કરવામાં આવેલ નથી. મુદ્દા નં. ૫ મધ્યસ્થ મહેકમ દ્વારા પૂર્તતા કરવામાં આવેલ છે. આરટીઆઈ સેલ દ્વારા તબદીલ ફરી કરી નાણાં ભરવા જણાવેલ છે તેવું જણાવી નારાજ થઈ તા.૨૧–૩–૧૬ના રોજ વેસ્ટઝોન ખાતે અપીલ કરવામાં આવેલ છે. જે વેસ્ટઝોનના અપીલ અધિકારી અને આસી.કમિ.શ્રી દ્વારા અત્રે આંશિક તબદીલ કરવામાં આવેલ છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ મુદ્દા નં.૩ માટે અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ ૨૦૦૫ થી અરજદારની અરજીની તારીખ સુધીના સુરત મહાનગરપાલિકાના ૧૧ જાહેર માહિતી અધિકારીઓને ગુજરાત માહિતી આયોગ દ્વારા કરવામાં આવેલ પેનલ્ટી અંગેના હુકમોની પૂરેપૂરી માહિતી પુરી

પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૫ (આંશિક)માટે મુદ્દા નં.૩ મુજબના જાહેર માહિતી અધિકારીઓ દ્વારા ભરપાઈ કરવામાં આવેલ પેનલ્ટીની સરકારી કચેરીમાં ભરપાઈ કરેલ ચલણની ઉપલબ્ધ માહિતી પુરી પાડવામાં આવેલ છે. આ સિવાય અત્રેના ખાતામાંથી બીજી કોઈ માહિતી પુરી પાડવાની રહેતી નથી અને **બાકી રહેલ** આંશિક મુદ્દો પેનલ્ટી થયેલ અધિકારી વિરુધ્ધ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માટે લાગત જાહેર માહિતી અધિકારીઓને તબદીલ પણ કરવામાં આવેલ છે. આમ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૩ અને ૫ માટે આરટીઆઈ એકટની કલમ–ર(એફ) અને ર(જે) મુજબ અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની પૂરેપૂરી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૬–ર–૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(પી.એચ.પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૧૬
તા.૧૬–૪–ર૦૧૬

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(ર) શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

RIGHT TO INFORMATION

अपील अरजी नं.०१ ता.७–६–१६
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિનોદ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૭–૬–૧૬ની અપીલ નં. SMC/FAP/RTI CELL/નં.૦૧/ ૧૬–૧૭

શ્રી વિનોદ રામજીભાઈ પટેલની આઈડી નં.૬૧૨ (મધ્યસ્થ કચેરી) તા.૧૦–૨–૧૬ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી આપવા બાબતે અરજીમાં માંગેલ માંગ્યા મુજબની માહિતીઓ આપી નથી કે માહિતી ન આપવા સબબ અધિનિયમની જોગવાઈ મુજબ કોઈ વાજબી કારણ દર્શાવતી વિગત પણ અમોને જણાવવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટ–૨૦૦૫ અન્વયે ધોરણસર રીતે કોઈ કાર્યવાહી પણ જવાબદાર અને સંબંધિત જાહેર માહિતી અધિકારી દ્વારા કરવામાં આવેલ ન હોવાનું વિગેરે કારણો જણાવી તા.૭–૬–૧૬ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે અપીલ અરજી કરવામાં આવેલ છે. જે મધ્યસ્થ કચેરીના પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સી/એફ.એ.પી./૪૪ તા.૧૪–૬–૧૬ થી અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રે તા.૧૮–૬–૧૬ ના રોજ મળેલ છે. સદર અરજી અત્રેના જાહેર માહિતી અધિકારીના માહિતી પુરી પાડવા અંગેના પત્રના અનુસંધાને લગભગ સવા બે મહિનાના વિલંબથી અપીલ કરવામાં આવેલ છે. તથા વિલંબ અંગેના કારણો તથા વ્યાજબીપણું રજુ કરવામાં આવેલ નથી. તેમ છતાં પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી અપીલ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ જાહેર માહિતી અધિકારીનો પક્ષ રજૂ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૮૫ તા.૨૨–૬–૧૬ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી પત્ર નં. આરટીઆઈ સેલ/૮૮ તા.૨૩–૬–૧૬ ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી તબદીલી અંગેનો પત્ર નં. સી/આરટીઆઈ સેલ/૬૧૨ તા.૧૨–૨–૧૬ની નકલ, અરજદારની મૂળ અરજીની નકલ, અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૩૯૨ તા.૨૯–૨–૧૬ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની આઈડી નં.૬૧૨ તા.૧૦–૨–૧૬ ની અરજીથી માહિતીનો સમયગાળો તા.૧–૧–૧૦ થી તા.૩૧–૧–૧૬ સુધી તમામ માહિતીનાં દસ્તાવેજોની પ્રમાણિત નકલો આપવી વિગેરે મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–મધ્યસ્થ કચેરી તરફથી પત્ર નં. સી/આરટીઆઈ/૬૧૨ તા.૧૨–૨–૧૬થી નિયત સમયમર્યાદામાં અત્રેના ખાતાને તથા લાગત ખાતાઓને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી લાગત મુદ્દા માટે **પત્ર નં. આરટીઆઈ સેલ/૩૯૨ તા.૨૯–૨–૧૬** થી નિયત સમયમર્યાદામાં **મુદ્દા નં. ૧** બાબતે અત્રેના આરટીઆઈ સેલમાં ફરજ બજાવતાં કર્મચારીઓનાં સ્થાવર અસ્કયામત ફોર્મ મધ્યસ્થ મહેકમ વિભાગને રવાના કરવામાં આવેલ છે. આથી આ અંગેની માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાંથી મળી શકે અને તે માટે તેઓની અરજી સદર જાહેર માહિતી અધિકારીને તબદીલ થયેલ છે જ. તથા ગીફટ વિ. બાબતે મધ્યસ્થ મહેકમ વિભાગ તરફથી કોઈ માહિતી

માંગવામાં આવેલ ન હોઈ, અત્રેના આરટીઆઈ સેલના કોઈપણ કર્મચારી દ્વારા એવી માહિતી/ ફોર્મ રજુ કરવામાં આવેલ નથી એવું જણાવવામાં આવેલ છે. **મુદ્દા નં.૨** બાબતે અત્રેના આરટીઆઈ સેલમાં જુનીયર એન્જી.ની સમકક્ષ, ડે.એન્જી.ની સમકક્ષ કેડર તથા કર્મચારી વર્ગ–૨ અને વર્ગ–૧ ની કક્ષામાં આવતા કોઈપણ કર્મચારી ફરજ બજાવતાં નથી એવું જણાવવામાં આવેલ. ઉપરાંત **મુદ્દા નં.૩, ૪ અને ૫** અત્રેના ખાતાને લાગત ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું જણાવવામાં આવેલ છે.

અરજદારે અપીલ તબક્કે તેમની વિલંબીત અપીલ અરજી અંગે કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ નથી. જે અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ની સમય મર્યાદાની અંદર નિર્ણયની જાણ કરેલ ન હોય અથવા જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થયેલ હોય તો આવી મુદ્દત પુરી થયાના અથવા આવો નિર્ણય મળ્યાની ૩૦ દિવસની અંદર જાહેર માહિતી અધિકારીથી ઉપલીકક્ષાનો દરજ્જો ધરાવતા અપીલ અધિકારીને અપીલ કરવાની રહે છે. ત્યાર બાદ કરવામાં આવેલ અપીલ વિલંબીત અપીલ તરીકે ગણવામાં આવેલ છે. વિલંબીત અપીલ અરજી અંગે અરજદારે વિલંબીત અપીલ કરવા અંગે તેનું વાજબીપણું રજુ કરવાનું રહે અને તેવું વાજબીપણું રજુ કર્યેથી અપીલ ગ્રાહય રાખવી કે ન રાખવી તે અપીલ અધિકારીના નિર્ણય ઉપર આધારીત છે. પ્રસ્તુત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણું રજુ કરવામાં સફળ રહેલ નથી. આથી વિલંબીત અપીલ પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ દ્વારા આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૧ અને ૨ ની અત્રેના ખાતામાં ઉપલબ્ધ સંપૂર્ણ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૨–૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી તથા મુદ્દા નં. ૩ થી ૫ બાબતે પણ અત્રેના ખાતાને લાગત ન હોવાનું જણાવેલ છે. તથા જાહેર માહિતી અધિકારી દ્વારા માહિતી અંગે ઈન્કાર કરવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. આમ, અત્રેના ખાતાને લાગત અરજી બાબતે અપીલ અંગેનું કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોઈ, સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અત્રેના ખાતા પુરતી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(પી.એચ.પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૯૪
તા.૨૪–૬–૨૦૧૬

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

અપીલ અરજી નં.૦૨ તા.૨૩–૯–૧૬
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હિંમતલાલ બી. લિંબાસીયા
સામાવાળાઃ– પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી (આરટીઆઈ સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– અરજદારશ્રી હિંમતલાલ બી. લિંબાસીયાની તા. ૦૮–૦૮–૧૬ ની આર.ટી.આઈ. એકટ હેઠળની પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન) તરફથી અત્રે તા. ૦૯–૦૮–૧૬ ના રોજ મળેલ (વેસ્ટઝોન આઈડી નં.૫૧૩) અરજી બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૩–૯–૧૬ની અપીલ નં.SMC/FAP/RTI CELL/ નં.૦૨/ ૧૬–૧૭

શ્રી હિંમતલાલ બી. લિંબાસીયાની તા. ૦૮–૦૮–૧૬ ની આર.ટી.આઈ. એકટ હેઠળની પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વેસ્ટઝોન) તરફથી અત્રે તા. ૦૯–૦૮–૧૬ ના રોજ મળેલ (વેસ્ટઝોન આઈડી નં.૫૧૩) અરજી બાબતે સમયમર્યાદામાં નમુના–ક મુજબની માહિતી મળી નથી એવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૯–૧૬ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેઓનો પક્ષ રજૂ કરવા જાહેર માહિતી અધિકારીને તથા અરજદારને પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારી,આરટીઆઈ સેલના માહિતી મેળવવા અંગે રૂા.૮૦/– ભરપાઈ કરવા અંગેનો **પત્ર નં. આરટીઆઈ સેલ/૧૫૨ તા.૧૯–૮–૧૬ તથા યાદપત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૨ તા.૭–૯–૧૬** બાબતે સુરત મહાનગરપાલિકામાં નાણાં ભરપાઈ કર્યાની રસીદની નકલ તથા સદર પત્રમાં જણાવ્યા અનુસાર નાણાં ભરપાઈ કરી રસીદ અત્રે આરટીઆઈ સેલમાં રજુ કરેલ હોય તો રજુ કર્યાની તારીખ આધાર પુરાવા સહ સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૪ તા.૪–૧૦–૧૬ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક, આરટીઆઈ સેલ તરફથી પૂરક વિગતોમાં **પત્ર નં. આરટીઆઈ સેલ/૨૧૦ તા.૧૪–૧૦–૧૬ના** પત્રથી જાહેર માહિતી અધિકારી અને પી.ઓ.શ્રી(વેસ્ટઝોન)નો તબદીલી અંગેનો પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈસેલ/૮૩૯ તા.૮–૮–૧૬ ની નકલ, અરજદારની તા.૮–૮–૧૬ ની અરજીની નકલ, અરજદારને નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે નમૂનો–ખ માં પત્ર નં. આરટીઆઈ સેલ/૧૫૨ તા.૧૯–૮–૧૬ની નકલ, નાણાં ભરપાઈ કરી માહિતી મેળવવા અંગે યાદપત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૨ તા.૭–૯–૧૬ ની નકલ, અરજદારની નમુના–ક ની તા.૮–૮–૧૬ ની અરજી દફતરે કરવા અંગેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૯ તા.૧૬–૯–૧૬ની નકલ, અરજદારને પુરી પાડવામાં આવેલ માહિતી અંગેનો પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૫ તા.૪–૧૦–૧૬ની નકલ અત્રે મળેલ છે. તેમજ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૮–૮–૧૬ની અરજીથી મા. કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણે પત્ર નં. જીએડી/ઈએસટી/ આઈ/૪૧૯ તા.૨૫–૮–૧૫ થી આપેલ કારણદર્શક નોટીસ આ સાથે સામેલ છે. જે આપેલ કારણદર્શક નોટીસ આરટીઆઈના કાર્યક્ષેત્રને લગતી છે. આરટીઆઈ સંદર્ભે, જાહેર માહિતી અધિકારીનો હોદ્દો ધરાવતા અધિકારી પર મેમો, કારણદર્શક નોટિસ, ચાર્જશીટ, સસ્પેન્સન, નોકરીનો અંત(ડીસમીસ) વગેરે પગલાં લેવા માટેના નિયમ/પરિપત્ર/હુકમ/ ગુજરાત સરકારના ઠરાવની નકલ આપવા બાબતની માહિતી માંગતી અરજી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસર(વેસ્ટઝોન)ના પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ/૮૩૯ તા.૮–૮–૧૬ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ– ઈન્કવાયરી(આઈ)વિભાગ)ને તથા અત્રેના ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક આરટીઆઈ સેલના **પત્ર નં.આરટીઆઈ/૧૫૨ તા.૧૯–૮–૧૬ થી** અરજદારને **" તેઓની તા.૮–૮–૧૬ ની આરટીઆઈ હેઠળની**

**અરજી સાથે સામેલ કરેલ કારણદર્શક નોટીસ અત્રેના ખાતા દ્વારા આપવામાં આવેલ નથી.** ઉપરાંત જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી(વેસ્ટઝોન) દ્વારા આપની અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ–ઈન્કવાયરી(આઈ) વિભાગ)ને પણ તબદીલ કરવામાં આવેલ છે. **તેમ છતાં આરટીઆઈ એકટ–૨૦૦૫ અને આરટીઆઈ નિયમો–૨૦૧૦ સ્વયં માહિતી છે અને જાહેર રીતે ઉપલબ્ધ છે. જે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in. ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાંથી સર્ફિંગ કરીને મેળવી શકો છો અથવા આરટીઆઈ એકટ–૨૦૦૫ના ગર્વમેન્ટ ગેઝેટની હાર્ડ કોપી મેળવવા માંગતા હો તો એક પાનાના રૂા.૨/– લેખે ૨૯ પાનાના રૂા.૫૮/– અને ગુજરત માહિતીનો અધિકાર નિયમો–૨૦૧૦ ના એક પાનાના રૂા.૨/– લેખે ૧૧ પાનાના રૂા. ૨૨/– મળી કુલ્લે રૂા.૮૦/– ભરપાઈ કરી તેની રસીદ અત્રે રજુ કર્યેથી મળી શકશે** એવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી–આરટીઆઈ સેલ તરફથી અરજદારને **યાદપત્ર** નં. આરટીઆઈ સેલ/૧૭૨ તા.૭–૯–૧૬થી નાણાં ભરપાઈ કરી માહિતી મેળવી લેવા યાદપત્ર પાઠવવામાં આવેલ. આમ પુનઃ તક આપવા છતાં અરજદાર દ્વારા નાણાં ભરી માહિતી ન મેળવતાં જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક આરટીઆઈ સેલના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૯ તા.૧૬–૯–૧૬ થી અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ.

ત્યાર બાદ અરજદાર તરફથી સમયમર્યાદામાં નમુના–ક મુજબની માહિતી મળી નથી એવું જણાવી તા.૨૩–૯–૧૬ના રોજ સેકશન ઓફિસરશ્રી, આરટીઆઈ સેલ, મધ્યસ્થ કચેરીને સંબોધીને રાંદેરઝોન ખાતે **અપીલ** કરવામાં આવેલ. જે વેસ્ટઝોનના અપીલ અધિકારી અને આસી. કમિશ્નરશ્રી દ્વારા પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈસેલ/૧૧૦૬ તા.૨૭–૯–૧૬થી અપીલ અધિકારી અને ઈન્કવાયરી ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ(ઈન્કવાયરી આઈ)ને તથા **અત્રેના** આરટીઆઈ સેલ ખાતાને આંશિક તબદીલ કરવામાં આવેલ.

અપીલ કર્યા બાદ અરજદાર દ્વારા અત્રેના તા.૭–૯–૧૬ના યાદપત્રમાં જણાવ્યા મુજબ રૂા.૮૦/–(અંકે રૂપિયા એંશી પૂરા) સેન્ટ્રલઝોન ખાતે રસીદ નં. ૩૯૪૨ તા.૪–૧૦–૧૬ થી ભરપાઈ કરતાં **અરજદારની અરજી દફતરે કરવામાં આવેલ હોવા છતાં આરટીઆઈ આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાને લઈ** અરજદારને પત્ર નં. આરટીઆઈ સેલ/૨૦૫ તા.૪–૧૦–૧૬ થી માહિતી પુરી પાડવામાં આવેલ છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) મુજબ અત્રેના ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ મુજબની પૂરેપૂરી માહિતી પુરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૮–૧૬ ની અરજીથી માંગવામાં આવેલ અત્રેના ખાતાને લાગત માહિતી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક–આરટીઆઈ સેલ તરફથી ઉપલબ્ધ માહિતી નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હોવાથી સદર અપીલ અરજી અંગે વિશેષ કંઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(પી.એચ.પટેલ)
સેકશન ઓફિસર અને
અપીલ અધિકારી
આરટીઆઈ સેલ
સુરત મહાનગરપાલિકા

નં.આરટીઆઈ સેલ/૨૧૮
તા. ૨૦–૧૦–૨૦૧૬

પ્રતિ, (૧) પ્રથમ શ્રેણી કલાર્ક અને જાહેર માહિતી અધિકારીશ્રી–આરટીઆઈ સેલ ......જાણ માટે
(૨) શ્રી એચ.બી. લીંબાસીયા